بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ,તા.19-08-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન

**જલસાનો જે આધ્યાત્મિક વાતાવરણ હતો તેનો પોતાના અને બીજા લોકોએ પણ અભિવ્યકત કર્યો જે હર્ષ બધાએ પોતાની અંદર અનુભવ્યો અલ્લાહ તઆલા કરે કે તેનો અસર હંમેશા કાયમ રહે અને આપણે હંમેશા અલ્લાહ તઆલાના આભારી બંદા બનતા અલ્લાહ તઆલાની સામે આ પ્રતિજ્ઞા સાથે ઝુકીએ કે દીનને દુનિયા પર પ્રાથમિકતાનો જે પ્રણ આપણે લીધો છે અને જે વાતોએ આપણા પર પ્રભાવ નાખ્યો છે તેને હંમેશા પોતાના જીવનનો ભાગ બનાવવાનો પ્રયત્ન કરતા રહીશું**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

અલ્લાહ તઆલાની કૃપાથી પાછલાં સપ્તાહે જમાઅત અહેમદિયા બર્તાનિયાનો વાર્ષિક જલસો આયોજિત થયો અને ઘણી બધી જટિલ પરિસ્થિતિઓ હોવા છતાં, જેમાં સૌથી અધિક ચિંતા દુનિયાની હાલતના કારણે શાંતિ પૂર્ણ રૂપથી જલસાના આયોજન કર્યા હતા, ખુબ સુંદર રીતે ત્રણ દિવસ ગુજર્યા તથા જલસાનું સમાપન થયું, અલહમ્દો લિલ્લાહ. અલ્લાહ તઆલા જમાઅતને આગળ પણ પ્રત્યેક પ્રકારની જટિલતાઓ તથા સંકટથી સુરક્ષિત રાખે. જલસાનો જે આધ્યાત્મિક વાતાવરણ હતો તેનો પોતાના અને બીજા લોકોએ પણ અભિવ્યકત કર્યો જે હર્ષ બધાએ પોતાની અંદર અનુભવ્યો અલ્લાહ તઆલા કરે કે તેનો અસર હંમેશા કાયમ રહે અને આપણે હંમેશા અલ્લાહ તઆલાના આભારી બંદા બનતા અલ્લાહ તઆલાની સામે આ પ્રતિજ્ઞા સાથે ઝુકીએ કે દીનને દુનિયા પર પ્રાથમિકતાનો જે પ્રણ આપણે લીધો છે અને જે વાતોએ આપણા પર પ્રભાવ નાખ્યો છે તેને હંમેશા પોતાના જીવનનો ભાગ બનાવવાનો પ્રયત્ન કરતા રહીશું. આપણે હંમેશા આ દુઆ કરતા રહેવી જોઇએ કે હે અલ્લાહ ! તારી કૃપાઓની જે વર્ષા અમારા ઉપર થઇ રહી છે અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ને આપેલ શુભ સૂચનાઓને જે રીતે તુ પુરી કરી રહ્યો છે, તે અમારી કોઇ ભૂલો, કોઇ અયોગ્યતા, કોઇ દુર્બળતાના કારણે અમારા જીવનનો ભાગ બનવાથી વંચિત ન કરી દે. આ દુઆ કરવી જોઇએ કે હે અલ્લાહ ! નેકીઓને કરવાની શકિત પણ તારાથી મળે છે તથા તેના પર કાયમ રહેવાની શકિત પણ તારાથી જ મળે છે. અમે પોતાની દુર્બળતાઓ પર નિયંત્રણ પણ તારી કૃપાથી જ મેળવી શકીએ છીએ.અમારા સાધારણ પ્રયાસોમાં પણ હંમેશા બરકત નાખતો રહે અને અમને હંમેશા તે બંદાઓમાં રાખ જે હંમેશા તારી સાથે ચોટી રહે છે અને તારા આભારી છે. અલ્લાહ તઆલા કરે કે અમે અલ્લાહ તઆલાના આભારી બંદા બનતા અલ્લાહ તઆલાની આ ઘોષણાથી લાભ મેળવતા રહીએ કે જો તમે આભાર માનશો તો હું અવશ્ય તમને વધારીશ,તમને અધિક આપીશ.

અલ્લાહ તઆલાની કૃપાથી જલસાના કામ, જલસાની પહેલાં શરૂ થઇ જાય છે તથા તે કામ કરવા માટે ખુદ્દામ,અત્ફાલ અને અન્સાર વકાર એ અમલ માટે પોતાને પેશ કરે છે તથા ખુબ મહેનત અને શ્રદ્ધાથી લોકો કાર્ય સેવા કરે છે અને પછી જલસાની ડયૂટીઓ પણ આપે છે. ગત વર્ષ પણ કેનેડાથી ખુદ્દામ કાર્ય સેવા માટે આવ્યા હતા પછી આ વર્ષે અમેરિકાથી પણ ખુદ્દામ વકાર એ અમલ માટે આવ્યા તો આ રીતે હવે આ કામ, વકાર એ અમલ પણ આંતરરાષ્ટ્રીય રૂપ ધારણ કરી ચુકયો છે. કાર્યકર્તા દુનિયાના વિભિન્ન દેશોથી આવે છે. અમેરિકાના અધિક ખુદ્દામએ જલસાથી પહેલાં કામ કર્યુ તથા કેનેડાના ૧૫૦ થી અધિક ખુદ્દામએ જલસા પછી વાઈન્ડ અપમાં કામ કર્યુ. અલ્લાહ તઆલા તે તમામને પ્રતિફળ આપે. યૂ.કે.ના ખુદ્દામ તથા અત્ફાલ જે કામ કરતા રહ્યા અને ડયૂટીઓ આપતા રહ્યા તે પણ નિ:સંદેહ અમારા આભારના અધિકારી છે તેમણે પણ ખુબ મહેનતથી કામ કર્યુ તથા હંમેશા કરતા રહે તેમની સાથે સાથે અર્થાત યૂ.કે.ના અત્ફાલ તથા ખુદ્દામ જે ડયૂટીઓ આપે છે.

યૂ.કે.ના લગભગ છ હઝાર છોકરીઓ, છોકરાઓ, પુરૂષો, મહિલાઓ તથા બાળકો જલસાના મહેમાનોની સેવામાં નિયુક્ત હતા. આ બધું અલ્લાહ તઆલાની કૃપા છે કે તેણે આટલી મોટી સંખ્યામાં કાર્યસેવકો ઉપલબ્ધ કર્યા જે શૌચાલયથી લઇને ભોજન તૈયાર કરવા, ભોજન કરાવવા અને પછી જલસા ગૃહના વિભિન્ન કામ, સિક્યોરીટી, પાર્કિંગ તથા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને પછી તે સમેટવા સુધી ખુબ મહારત તથા યોજના પ્રમાણે કામ કરતા રહ્યા. આ દ્રશ્ય આપણને દુનિયામાં અન્ય કોઇ સ્થાને જોવા ન મળશે. માટે આ કાર્યસેવકો અમારા અત્યધિક શુક્રીયાના અધિકારી છે તથા આ રીતે તે કાર્યસેવકોએ પણ, આ કાર્ય કરનારે પણ, આ સ્વંય સેવકોએ પણ અલ્લાહ તઆલાનો આભારી હોવો જોઇએ કે તેણે તેમને હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મહેમાનોની સેવાનો અવસર આપ્યો અને આ દુઆ કરવી જોઇએ કે આગળ પણ અલ્લાહ તઆલા તેમને પહેલાંથી અધિક આ સેવાનું સામર્થ્ય આપે.બહારથી આવેલ મહેમાનોએ આ વાતનો ખુબ આશ્ચર્ય જાહેર કર્યુ કે કેવી રીતે તેમને નાના બાળકો, યુવાઓ તથા વૃધ્ધોએ કામ કરતાં પ્રભાવિત કર્યા. અમુક મહેમાનોની ભાવનાઓ બયાન કરી દઉ છું.

જલસાના પ્રોગ્રામ પણ અને કામ કરનાર પણ એવી ગુપ્ત તબલીગ કરી રહ્યા હોય છે જે તેનાંથી ખુબ અધિક હોય છે જે આપણે લિટ્રેચર વહેંચીને અથવા અન્ય માધ્યમો દ્વારા કરીએ છીએ. બૈનિનના રક્ષામંત્રી જલસામાં સામેલ થયા. તેઓ કહે છે મને આ જલસામાં સામેલ થઇને શાંતિ અને પ્રેમના દૂતોથી મળવાનો અવસર મળ્યો છે. પ્રત્યેક બાળક,યુવા, લોકો સાથે શિષ્ટાપૂર્વક મળતા દેખાયા. જો કોઇને બીજાની ભાષા સમજ ન પણ પડતી તો પણ હંસતાં મુખે અભિનંદન કરતાં અને મહેમાનની ભાષામાં કંઇક કહેવાનો પ્રયાસ કરતાં. જલસા સાલાના વાસ્તવિક સદભાવનાનો એક મોટું ઉદાહરણ છે. કહે છે કે હું આ જલસાને વાસ્તવિક શાંતિ સ્થળ કહીશ. આ જલસામાં ઉપસ્થિત પ્રત્યેક બાળક, યુવા અને વૃધ્ધ બલિદાન આપીને બીજાના આરામનું ધ્યાન રાખે છે પછી તેઓ કહે છે કે આપનો આ જલસો મારા માટે એક અકેડમીનો રૂપ છે જ્યાંથી મને ઘણું બધું સીખવા મળ્યું. મેં આટલા વિશાળ આયોજનમાં કોઇને ધક્કા મુક્કી કરતા નથી જોયા. પ્રત્યેક વસ્તું વ્યવસ્થા પૂર્વક તથા સુંદર રીતે ચાલી રહી હતી મારા માટે આ અદભૂત હતું કે ડયૂટી પર ઉપસ્થિત પ્રત્યેક કાર્યસેવક મહેમાનોની આવશ્યકતાની પૂતિમાં લાગેલ હતો જો કોઇ વસ્તું માટે સંકેત પણ કરી દેવામાં આવે અને તે મોજુદ ન હોય તો તરત જ ખરીદી ને આવશ્યકતા પૂર્તિનો પ્રયાસ કરવામાં આવતો. સર્વોચ્ચ વાત આખા જલસામાં સામેલ થનારની ઉત્તમ સુરક્ષા તથા સુંદર વ્યવસ્થાનું હોવું હતું. સુરક્ષાની ઉત્તમ તથા યોજના પ્રમાણેની વ્યવસ્થા હતી જેનાથી લાગી રહ્યું હતું કે કોઇ પ્રોફેશનલ ટીમએ તેની વ્યવસ્થા કરી છે જ્યારે કે ત્યાં મને કોઇ પોલીસ કર્મી તથા કોઇ સેનાના લોકો જોવા ન મળ્યા. પછી તેઓ કહે છે કે હું જણવાનો પ્રયાસ કરતો રહ્યો કે આ વ્યવસ્થા પાછળ શું ભેદ છે અને હું આ નતીજા પર પહોચ્યો કે આ લોકો એક ખિલાફતને માનનાર છે તથા તેના કારણે એક એવી કોંમ તૈયાર થઇ ગઇ છે જે પ્રત્યેક બલિદાન માટે તૈયાર રહે છે.

પછી બૈનિનના જ એક પત્રકાર પણ આવ્યા હતા કહે છે કે આ જલસાની ઉત્તમ વ્યવસ્થાના સંબંધમાં જો કોઇને જણાવવામાં આવે તો તેઓ તે સમય સુધી વિશ્વાસ ન કરશે જ્યાં સુધી તે સ્વંય પોતાની આંખોથી જોઇ ન લે. આપના જલસામાં સામેલ થઇને મને આશાનો સંદેશ મળ્યો છે. વિશ્વની પ્રત્યેક દિશામાં સ્વાર્થના કારણે વિનાશ કરવામાં આવે છે પરંતુ આપના જલસામાં આ યુવાઓ તથા બાળકો દ્વારા એક નવો સંસાર જન્મ લેશે જેમાં સ્વાર્થ નહ શે બલ્કે બીજા લોકોની સેવા તથા ઉચ્ચતમ ઉદેશ હશે અને આ ઉચ્ચ સ્તરીય શિક્ષણ સાથે ઇસ્લામ અહેમદિયત બીજા લોકો માટે આજે એક ચમકદાર દર્પણની જેમ છે જે ઇસ્લામનો સુંદર ચહેરો દુનિયાને દેખાડે છે. કહે છે કે મેં પત્રકારના રૂપમાં વિશ્વના અધિકતર ભાગોમાં યાત્રા કરી છે,સઉદી અરબમાં હજ્જના પ્રબંધ જોયા, ઇરાનમાં પણ વિશાળ સંમેલનમાં સામેલ થયો. મેં યુ.એન.ઓ.ના અંર્તગત પણ મોટી કોન્ફ્રેંન્સોમાં ભાગ લીધો પરંતુ મેં આ પ્રકારના ઉત્તમ પ્રબંધ કોઇ અન્ય સ્થાને નથી જોયા. તેનું કારણ નિ:સ્વાર્થ તથા પ્રેમ કરનાર તથા માનવતાનું સન્માન કરનાર તે યુવા,બાળકો તથા વૃધ્ધો છે જે આ જલસામાં દરેક સમયે સેવા માટે તૈયાર રહે છે તથા જેમને તેમના ખલીફાનું માર્ગદર્શન પ્રત્યેક સમયે મળતો

રહે છે. કહે છે કે હું મારા દિલનો હાલ પૂર્ણત: પોતાના શબ્દોમાં બયાન કરવામાં અસમર્થ છું કહે છે કે આ મારા માટે એક આશ્ચર્ય જનક અનુભવ છે કે જીવનના પ્રત્યેક વર્ગથી સંબંધ રાખનાર લોકોને હંસતા અને મુસ્કુરાતા ચહેરા સાથે મહેમાનોની સેવા કરતાં જોયા. હું આ વાત જાણવામાં અસફળ રહ્યો કે તેમાંથી કોણ ધનવાન છે અને કોણ નિર્ધન, એક જ ભાવનાથી તેઓ બીજા લોકોના આરામ માટે દિન રાત સેવા કરતાં નજર આવ્યા. કહે છે કે એમ.ટી.એ.ની વ્યવસ્થાએ પણ મને હેરાન કર્યો. હું બૈનિનમાં નેશનલ ટી.વી.નો ડાયરેક્ટર રહ્યો છું મેં આજ સુધી ટી.વી.ના સીધા પ્રસારણ માટે એટલાં વ્યવસ્થિત પ્રબંધ કયાંય બીજે નથી જોયા. યુ.એન.ઓ.માં પણ એટલી ભાષામાં સીધા અનુવાદ નથી થતાં જેટલાં આપની ત્યાં એમ.ટી.એ. દ્વારા લાઈવ સંબોધનોના અનુવાદનો પ્રબંધ હતો. આ જલસામાં સામેલ પ્રત્યેક વ્યકિત સીધા પોતાની ભાષામાં ભાષણોનું અનુવાદ સાંભળીને અનુભવ કરતો હતો કે જલસો તેના પોતાના દેશમાં થઇ રહ્યો છે, તેની ભાષા તથા કોંમમાં થઇ રહ્યો છે. મેં અહેમદિયતમાં આ વાત સીખી છે કે ઇમાનને શેષ તમામ વાતોથી ઉપર રાખો અને સત્યની જ જીત થાય છે. શકિતશાળી હંમેશા માટે શકિતશાળી નથી. કહે છે કે જલસામાં સામેલ થઇને હું કહીશ કે ખુદાથી મળવાનો માર્ગ આજે પણ મૌજુદ છે, જો તેના અનુસાર કોઇ ચાલવા ચાહે તો.

કોંગો કન્શાસાના એક પ્રદેશના એટાની જર્નલ પણ સામેલ હતા તેઓ કહે છે કે હું પચ્ચીસ વર્ષોથી મેજીસ્ટ્રેટના રૂપમાં કામ કરી રહ્યો છું મેં જલસાનો ગહેરાઇથી નિરીક્ષણ કર્યુ અને આ નતીજા પર પહોચ્યો કે માત્ર ધનથી કંઇ નથી થતું જ્યાં સુધી સહમતિ અને એકતા ન હોય. જયારે આપ એક શરીરની જેમ થઇ જાવ તો પછી બધું સંભવ થઇ જાય છે. જલસાના કાર્યકર્તા એક શરીરની જેમ થઇ ગયા તો તેમણે અસંભવને સંભવ કરી બતાવ્યું. જંગલને વિશ્રામ યોગ્ય બનાવી દીધું જ્યાં બધું ઉપલબ્ધ હતું. સ્વચ્છ શૌચાલય, વિશ્રામ ગૃહ, રેડિયો, ટીવી સ્ટેશન જે વિવિધ ભાષાઓમાં પ્રોગ્રામ પ્રસારણ કરતાં હતા. વિભિન્ન દેશોથી આવેલ ધનવાન, નિર્ધન, મોટા પદો વાળા, રાજનેતા,જ્ઞાની પુરુષ. બુદ્ધિજીવી, બધા એક થઇ કામ કરી રહ્યા હતા. લગભગ ચાલીસ હઝાર મહેમાનોના ભોજન તથા અન્ય બીજી આવશ્યકતાઓનું ધ્યાન રાખવું કોઇ સરળ કાર્ય ન હતું પરંતુ આ કામ છ હઝાર કાર્યકર્તા વિના કોઇ દુવિધા અને હંગામોના પ્રસન્નતા પૂર્વક કરી રહ્યા હતા. આ સ્વેચ્છા કાર્યકર્તાઓમાં ત્રણ વર્ષથી લઇને એંસી વર્ષની આયુના લોકો સામેલ હતા અર્થાત બાળકો પણ અને વૃધ્ધો પણ. આ સ્વયં સેવી બીજા લોકોની સેવા કરીને ખુશી અનુભવ કરી રહ્યા હતા. મેં તો દરેક બાજુ પ્રેમ અને ભાઇચારો જ જોયો છે કહે છે કે હું સમજુ છું કે અહેમદિયા જમાઅત આ કામ ખુબ વિશેષ રૂપમાં કરી રહી છે અને તે કદાપી અસફળ નથી થઇ શકતી, ઇન્શાઅલ્લાહ. ખ્હે છે કે હું તો બધાને કહેવા ચાહું છું કે જમાઅતને નજીકથી જુઓ તો આપને સ્વયં સમજ આવી જશે. કહે છે કે જ્યારે જલસામાં આવ્યો તો પહેલાં અડધા કલાક મને અજનબી અનુભવ થયો ત્યાર પછી લોકો મને આવીને મળવા લાગ્યા એવુ લાગતું હતું કે અમે બધા એક બીજાને વર્ષોથી ઓળખીએ છીએ. આ પણ જલસાની એક સુંદરતા છે કે માત્ર જલસામાં કામ કરનાર જ લોકોને પ્રભાવિત નથી કરતા બલ્કે જલ્સામાં સામેલ થનાર પણ પ્રભાવિત કરી રહ્યા હોય છે અને એક પ્રકારની ગુપ્ત તબલીગ થઇ રહી હોય છે તેના દ્વારા. હુઝુર અનવરે ફરમાવ્યું માટે જ્યાં ડયૂટી આપનાર અલ્લાહ તઆલાના આભારી બંદા બને કે તે પોતાના અમલથી ઇસ્લામનો પૈગામ પહોચાડી રહ્યા છે તથા બિન મુસ્લિમોને પ્રભાવિત કરી રહ્યા છે અને અલ્લાહ તઆલાના ફઝલોના ઉત્તરાધિકારી બની રહ્યા છે, ત્યાં સામેલ થનાર અહેમદી પણ અલ્લાહ તઆલાનો આભાર માને કે અલ્લાહ તઆલા તેમના દ્વારા ગુપ્ત તબલીગ કરાવી રહ્યો છે.

નાઇજેરીયાથી રાષ્ટ્રપતિના ધાર્મિક મામલાના વિશેષ સલાહકાર પણ આ જલસામાં સામેલ થયા હતા તેઓ કહે છે કે હું લગભગ આખું વર્ષ યાત્રા કરૂ છું તથા ધાર્મિ સભાઓમાં સામેલ થઉ છું પરંતુ મેં આ સુધી કદાપી આવું આધ્યાત્મિક દૃશ્ય નથી જોયો. જલસામાં સામેલ થવાથી મને એવું મહેસુસ થાય છે કે આકાશથી નૂર વરસી રહ્યો છે. બૈઅતનું દૃશ્ય જોઇને કહે છે કે માનો કે હું બૈઅત એ રિઝવાનમાં સામેલ થયો છું.

જાપાનથી એક મિત્ર અયોમા યૂસુફ સાહેબ જે પ્રસિદ્ધ વિદ્વાન તથા જાપાન એગ્રિકલ્ચરના અધ્યક્ષ છે, સામેલ થયા. કહે છે કે અહેમદી યુવાઓ તથા બાળકોની ભાવનાઓ પ્રશંસનીય છે. આજે દુનિયાના કોઇ પણ કોંમમાં એવા નવજુવાન ન હોવાને બરાબર છે જે સ્વયં સેવકોના રૂપમાં આ રીતે સેવા કરી રહ્યા હોય. આ દૃશ્ય માત્ર જલસા સાલાનામાં જોવા મળે છે કયાંક નવજુવાન લોકોને ભોજન કરાવવા માટે ઉત્સુક છે, કયાંક કોઇ મહેમાનને લાવવા લઇ જવા માટે ગાડીઓની વ્યવસ્થામાં લાગેલ છે તો કયાંક બાળકો પાણી પીવડાવી રહ્યા છે તો કયાંક મોટી આયુંના લોકો વિવિધ કામોમાં વ્યસ્ત છે. વિશેષ રૂપમાં બાળકોની ઉત્સાહ પૂર્વક ઉપસ્થિતિ જણાવે છે કે અહેમદિયતનું વર્તમાન પણ ઉજ્જવળ છે અને ભવિષ્ય પણ ઉજ્જવળ છે, અને ઇન્શાઅલ્લાહ છે.

પછી યુગાન્ડાના ઉપાધ્યક્ષ એડવર્ટ સીકાન્દી આવ્યા હતા કહે છે કે જ્યારે તેમને જલસા સ્થળની યાત્રા કરાવી અને જણાવ્યું કે તમામ કાર્યકર્તા સ્વયં સેવક છે તો હેરાન થઇ ગયા. પછી સિકયોરીટી વાળાઓને જોઇને પુછવા લાગ્યા કે શેષ સ્વયં સેવક તો ઠીક છે પરંતુ નિ:સંદેહ આ લોકોને પૈસા આપતા હશો તો તેમને જણાવ્યું કે અહીયા કામ કરનાર તમામ લોકો સ્વયં સેવકોના રૂપમાં કામ કરે છે તો ખુબ પ્રભાવિત થયા. કહેવા લાગ્યા કે મેં મારા જીવનમાં કદાપી પણ મુસ્લિમોનો આટલો મોટો સંમેલન નથી જોયો જ્યાં બધા લોકો શાંતિ પૂર્વક એક સાથે રહી રહ્યા હોય અને મેં મુસ્લિમો વિશે સાંભળ્યું હતું કે લોકોના ગલ કાપે છે અને બીજાને તકલીફ આપે છે. યુગાન્ડામાં પણ મુસ્લિમો આપસમાં લડતા રહે છે અને શાસનને વારંવાર દખલ આપવું પડે છે પરંતુ હવે મને ખબર પડી કે વાસ્તવિક અને સાચો મુસ્લિમ કોણ છે અને ઇસ્લામનું શિક્ષણ શાંતિ તથા સલામતી છે.

આ વખતે અલ્લાહ તઆલાના ફઝલથી મીડિયામાં પણ ગત વર્ષોની અપેક્ષા જલસાની ખુબ વધારે કવરેજ થઇ. જલસા સાલાના યૂ.કે.નું પ્રસારણ પ્રથમ વાર એમ.ટી.એ. આફ્રિકા ઇન્ટરનેશનલ દ્વારા દેખાડવામાં આવ્યું. પૂર્વી અને પશ્ચિમી આફ્રિકાથી સેકડોની સંખ્યામાં લોકોએ મુબારક બાદ તથા સંદેશ મોકલ્યા.

અલ્લાહ તઆલાના ફઝલોનો દાયરો અધિકથી અધિક થતો જઇ રહ્યો છે અને આ સંદર્ભમાં અમારો અલ્લાહ તઆલાને પ્રતિ આભાર પ્રગટ કરવાનો દાયરો પણ વિકસિત થતો રહેવો જોઇએ જેથી આપણે لأزيدنكمના ઉત્તરાધિકારી બનતા ચાલ્યા જઇએ. અલ્લાહ તઆલા અમારા ઇનામોને અધિક વિસ્તૃત કરતો ચાલ્યો જાય.માટે જલસામાં સામેલ પ્રત્યેક અહેમદી જે અહીયા નથી પણ આવ્યો દુનિયામાં જોઇ રહ્યા હતા, પ્રત્યેક અહેમદીએ અલ્લાહ તઆલાની શુકરગઝારીને ચરમ સીમા સુધી પહોચાડવાનો પ્રયાસ કરવો જોઇએ અને તેનો એક જ તરીકો છે કે આપણે અલ્લાહ તઆલાના આદેશ અનુસાર કામ કરનાર બનીએ. અલ્લાહ તઆલા આપણને આની તૌફિક આપે.

*****

| Khulasa Khutba Jumma Huzoor Anwar 19 August 2016 |
|---|
| BOOK POST (Printed Matter)<br>To.......................................................................................................<br>.......................................................................................................<br>.......................................................................................................<br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |